[138/A-44] SEAT No.________ No. of Printed Pages : 2

# SARDAR PATEL UNIVERSITY
## M.A. EXAMINATION SEMESTER : 3
## PAPER CODE :PA03CGUJ07
## LINGUISTICS: ભાષાવિજ્ઞાન

Monday date : **25-03-2019 time: 2-00 p.m. to 5-00 p.m.**

---

Total marks :70

પ્રશ્ન:૧. વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ( ગુણ :૧૦)

૧.પ્રદર્શક સંકેતને નીચેનામાંથી કયા પ્રકારનો સંકેત કહેવામાં આવે છે.
અ) મૂર્તિપરક બ) વર્ણનાત્મક ક) કાર્યકારણ ડ)પ્રતીકાત્મક

૨.નીચેનામાંથી કઇ બોલી સિંધી છે?
અ) જોનસરી બ) હાલારી ક) વાગડી ડ) કચ્છી

૩.યોગ્ય યુગ્મ રચો.

| યાદી: ૧ | યાદી: ૨ |
|---|---|
| a) અઘોષ,મહાપ્રાણ | 1) લ |
| b) ઘોષ ,અલ્પપ્રાણ | 2) શ |
| c) તાલવ્ય સંઘર્ષી | 3) છ |
| d) પાર્શ્વિક | 4) બ |

અ) a-1, b -2, c -3, d-4 બ) a-2, b -3, c -4, d-1
ક) a-3, b -4, c -2, d-1 ડ) a-2, b -1, c -4, d-3

૪. દંત્યવ્યંજનનું મૂર્ધન્ય ઉચ્ચારણ કઈ બોલીમાં છે?
અ) ચરોતરી બ) પટ્ટણી ક) સૂરતી ડ) સોરઠી

૫.જોડકાં રચો.

| યાદી:૧ | યાદી:૨ |
|---|---|
| a) અંબાર | 1) ન |
| b) આંગન | 2) મ |
| c) આંચ | 3) ણ |
| d) અંત | 4) ડ |
| e) આંટી | 5) ઞ |

અ) a-1, b -2, c -3, d-4 ,e-5 બ) a-2, b -3, c -4, d-1 ,e-5
ક) a-3, b -4, c -2, d-1 ,e-5 ડ) a-2, b -4, c -5, d-1,e-3

૬. નીચેનામાંથી કઈ પધ્ધતિ ભાષાના અધ્યયનની નથી?
અ) ઐતિહાસિક બ) આકૃતિગત ક)વર્ણનાત્મક ડ) તુલનાત્મક

(P.T.O)

૭. આસામી ભાષા કયા ભાષાકુળની છે?

અ) આર્ય  બ) દ્રવિડી  ક) ચીની તિબેટી  ડ) સેમેટિક-હેમેટિક

૮ નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન:૧ ભાર ,જંકચર ,સૂર ભાષાના સહવર્તી ધર્મો છે.

વિધાન:૨ નામયોગી અને અનુગો બે પદો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

અ) બન્ને વિધાનો સાચાં છે.  બ) બન્ને વિધાનો ખોટાં છે

ક ) વિધાન:૧ સાચું,વિધાન :૨ ખોટું  ડ) વિધાન: ૧ ખોટું ,વિધાન : ૨ સાચું

૯. ભારતીય-યુરોપીયની દસ શાખામાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

અ) તિબેટી  બ) ચીની  ક) તોખારિયન  ડ) હેમેટિક

૧0 વૈદિક સંસ્કૃત ભાષા કયા સમયગાળાની છે.?

અ) ઈ.સ. પૂર્વે ૧૨00 -ઈ.સ.પૂર્વે ૮00  બ) ઈ.સ.પૂર્વે ૮00-૪00

ક) ઇ.સ. ૧00-૪00  ડ) ઇ.સ.૪00-૮00

પ્રશ્ન :૨ ભાષાની વિભાવના સ્પષ્ટ કરી,માનવભાષાના અધ્યયનની પદ્ધતિઓ જણાવી. (ગુણ :૧૫)

**અથવા**

બન્ને વિશે લખો.

૧) ભાષાના સંકેતો અને તેનું કાર્ય

૨) આકૃતિમૂલક વર્ગીકરણ

પ્રશ્ન :3 ઉચ્ચારણપ્રક્રિયાનો પરિચય કરાવી, ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનું વર્ગીકરણ કરો. (ગુણ :૧૫)

**અથવા**

બન્ને વિશે લખો.

૧) ગુજરાતી ભાષાના સહવર્તી ધર્મો

૨) ગુજરાતી ભાષાના સ્વરો-અનુનાસિકો

પ્રશ્ન :૪ રૂપઘટક એટલે શું તે જણાવી ગુજરાતી ભાષાના રૂપાખ્યાન વિશે વિગતે લખો.

(ગુણ:૧૫)

**અથવા**

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ.ગુજરાતી ભાષાની સમાસરચના

બ.ભાષા અને બોલી

પ્રશ્ન : ૫ ગુજરાતી ભાષાનો ઉદ્દભવ-વિકાસ તેનાં ધ્વનિ,વ્યાકરણ અને શબ્દભંડોળમાં આવેલાં પરિવર્તનો સહિત જણાવો.

(ગુણ: ૧૫)

**અથવા**

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) મધ્યમ ભારતીય આર્યભાષા  બ) ભારતનાં ભાષાકુળો

---